

જન્મશતાબ્દી પુસ્તકમાળા - ૧૬
વાવવા-લણવાનો અફર સિદ્ધાંત
(પ્રવચન)
- પં. શ્રીરામશર્મા આચાર્ય

## ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

### દેવીઓ અને ભાઈઓ

દેવીઓ અને ભાઈઓ ! આજથી સાઈઠ વર્ષ પહેલા મારા ગુરુદેવ મારે ઘેર આવ્યા હતા અને તેમણે કેટલીક વાતો જણાવી હતી. શરૂમાં તો મને જરાક ડર લાગ્યો, પણ પછી ખબર પડી કે તેઓ પાછલાં ત્રણ જન્મોથી મારા ગુરુ રહ્યા છે ત્યારે ભય દૂર થઈ ગયો અને વાતચીતનો ક્રમ શરૂ થયો. તેમણે કહ્યું, "તારી પાત્રતાનો વિકાસ કરવા માટે તારે ચોવીસ વર્ષ સુધી ચોવીસ લાખના ચોવીસ મહાપુરુશ્ચરણ કરવા પડશે." મેં તેમની એ આજ્ઞા માથે ચડાવી અને વિધિ વિધાન જાણી લીધા કે કઈ રીતે જવની રોટલી અને છાશ પર રહીને પુરશ્ચરણ પુરા કરવા પડશે. તેની સંપૂર્ણ જાણકારી આપ્યા પછી તેમણે બીજી પણ એક વાત કહી. તે ખૂબ મહત્વ પૂર્ણ છે. આજે તેના વિશે હું તમને જણાવીશ.

એમણે કહ્યું, "કેટલાય લોકોએ ગાયત્રી મંત્રના જપ કર્યા છે. કેટલાય લોકો ઉપાસના કરે છે, પરંતુ તેમને રિદ્ધિ સિદ્ધિઓ મળતી નથી. તેઓ જપ કરી લે છે અને લોકોને કહે છે કે મેં ગાયત્રીના અમુક જપ કર્યા, પરંતુ ના કોઈ રિદ્ધિ કે ના કોઈ સિદ્ધિ. હું તને એવી ગાયત્રી સાધના બતાવવા ઇચ્છું છું કે જેનાથી રિદ્ધિઓ અને સિદ્ધિઓ મળે અને બ્રાહ્મણકુળમાં પેદા

થવાનો લાભ પણ મળે." મેં કહ્યું, - આ તો બહુ મોટા સૌભાગ્યની વાત છે. તમે આટલી સરસ વાત બતાવશો તેના કરતાં વધારે મોટા સૌભાગ્યની વાત બીજી કઈ હોઈ શકે ?" ત્યારે તેમણે ગાયત્રીનાં ચોવીસ મહાપુરુશ્ચરણોની વિધિ બતાવ્યા પછી બીજી એક નવી વાત જણાવી - "વાવવું અને લણવું." તેમણે કહ્યું, " તારી પાસે જે કાંઈ છે તે બધાને ભગવાનના ખેતરમાં વાવવાનું શરૂ કરી દે. તે સોગણું થઈને તને પાછું મળી જશે. રિદ્ધિ અને સિદ્ધિની રીત આ જ છે. તે મફતમાં મળતી નથી. દુનિયામાં કોઈ રિદ્ધિ સિદ્ધિઓ વહેંચતું નથી કે બીજે ક્યાંયથી તે મળતી નથી. ખેડૂત ખેતરમાં વાવે છે ત્યારે જ લણી શકે છે. એ જ રીતે તારે પણ વાવવું અને લણવું પડશે." તે કેવી રીતે વાવવાનું એ બતાવો. તેમણે કહ્યું, " જો, તારી પાસે શરીર છે. શરીર અર્થાત્ શ્રમ અને સમય. તેમણે ભગવાનના ખેતરમાં વાવ." કયા ભગવાન ? " આ વિરાટ ભગવાન, જે ચારેય બાજુ સમાજનાં રૂપમાં મોજૂદ છે. એના માટે તું તારા શ્રમ, સમય અને શરીરને ખર્ચી નાખ. તે બધું સોગણું થઈને તને પાછું મળશે. આ થઈ વાત નંબર એક."

"નંબર બે, તારી પાસે બુદ્ધિ છે. ભગવાન આપેલી બુધ્ધિરૂપી સંપત્તિ તારી પાસે છે. તેનાથી અહંકારનું તથા વાસનાઓનું ચિંતન કરવાના બદલે તારા ચિંતનની તમામ શક્તિને ભગવાનના નિમિત્તે વાપર. તેમના ખેતરમાં વાવ. તારી આ બુદ્ધિ પણ સો ગણી થઈને તને પાછી મળશે.

"ત્રીજી વસ્તુ છે ભાવનાઓ. મનુષ્યના ત્રણ શરીર છે - સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ. આમાંથી સ્થૂળ શરીર દ્વારા શ્રમ કરી શકાય છે, સૂક્ષ્મ શરીરમાં બુદ્ધિ હોય છે અને કારણ શરીરમાં ભાવનાઓ હોય છે. તારી ભાવનાઓને કુટુંબના સભ્યોની પાછળ વાપરવાના બદલે ભગવાનનું જે આ વિરાટ ઉદ્યાન છે તેમાં વાવી દે. એ ભાવનાઓ પણ તને સો ગણી થઈને પાછી મળશે. આ ત્રણેય વસ્તુઓ -શરીર, બુદ્ધિ અને ભાવનાઓ તને ભગવાને આપી છે. કોઈ માણસે નહિ. એક બીજી વસ્તુ તારી કમાયેલી છે. ભલે તું એ આ જન્મમાં કમાયો હોઉં કે પાછલાં જન્મમાં, એ છે ધન. ધન ભગવાન કોઈને આપતા નથી. મનુષ્ય ભલે ઈમાનદારી પૂર્વક કમાઇ કે બેઈમાનીથી અથવા તો તે ન કમાઇ. ભગવાને એની સાથે કોઈ લેવા દેવા નથી. તને જે ધન મળ્યું છે એ કદાચ તારું કમાયેલું નથી." મેં કહ્યું, "મારું કમાયેલું તો ક્યાંથી હોય ? ચૌદ પંદર વર્ષનો બાળક ક્યાંથી ધન કમાઈ લાવે ?" "સારું, તે તારા પિતાજીએ આપેલું ધન છે. એ બધા જ ધનને ભગવાનના ખેતરમાં વાવી દે અને એ તને સોગણું થઈને પાછું મળી જશે." મેં તેમની આ બધી વાતોને ગાંઠે બાંધી લીધી અને સાઈઠ વર્ષથી હું તેનું અક્ષરશઃ પાલન કરતો આવ્યો છું. ગાયત્રી સાધના કરતા કરતા ચોવીસ વર્ષ કરતા પણ વધારે સમય થઈ ગયો, છતા પણ વાવવા અને લણવાનો સિદ્ધાંત બરાબર ચાલતો રહ્યો છે. તમે પણ જો વાવશો, તો તમને પણ મારી જેમ રિદ્ધિ સિદ્ધિઓ મળશે. ભગવાનનો નિયમ બધાને માટે એક સરખો હોય છે. સૂરજ માટે

બધા માણસો એકસરખાં છે. જે નિયમો મને લાગુ પડે તે તમને પણ લાગુ પડે છે. આ ચારેય બાબતો મારા ગુરુજીએ મને બતાવી હતી અને હું તમને બતાવી રહ્યો છું. જો આ ચારેય વસ્તુઓને વાવવાનું તમે શરૂ કરશો તો તે સો ગણી થઈને તમને પણ મળશે. મને તો બધું જ મળી ગયું છે, તેથી હું મારી સાક્ષી આપીને તમને બધાને જણાવું છું કે જેઓ વાવશે તેઓ જ લણશે અને ખેડૂતની જેમ ફાયદામાં રહેશે.

ભગવાન વિશે શું તમે એમ માનો છો કે તેઓ બધાને વહેંચતા ફરે છે ? વહેંચે છે તો ખરા, પણ એની પહેલાં તેઓ માગે છે. ભગવાનની ઇચ્છા માગવાની છે. ભગવાન શબરીની ઝુંપડીએ ગયા હતા અને તેને કહ્યું હતું કે હું ભૂખ્યો છું, કંઈક ખાવાનું આપો. શબરી પાસે બોર હતાં. તે એણે લાવીને આપ્યા અને કહ્યું કે મારી પાસે તો આ જ છે, આપ ખાઓ. ભગવાન કેવટની પાસે ગયા હતા અને કહ્યું હતું કે ભાઈ, મને તરતા નથી આવડતું. તો મહેરબાની કરીને મને, લક્ષ્મણને અને સીતાજીને નદી પાર કરાવી દે. કેવટે તેમને નદી પાર કરાવી દીધી. ભગવાન સુગ્રીવની પાસે પણ ગયા હતા અને કહ્યું હતું કે મારી પત્નીને કોઈ લઈ ગયું છે. તેમની ભાળ મેળવવા માટે તમે મને તમારું સૈન્ય આપો અને મારી પત્ની મને પાછી મળી જાય એવી કોઈ વ્યવસ્થા કરો. સુગ્રીવે એવું જ કર્યું. ભગવાન રામને પોતાનું સર્વસ્વ આપી દીધું. ભગવાને હનુમાનજી પાસે પણ માગ્યું કે મારો ભાઈ ઘાયલ થઈ ગયો છે એના માટે તમે દવા લઈ આવો, સીતાજીને મારો સંદેશ

પહોંચાડો અને લંકાથી એમની ખબર લઈ આવો. રાજા બલિની વાર્તા તમે જાણો છો ને ? ભગવાન બલિ પાસે ગયા હતા અને કહ્યું હતું કે  તમારી પાસે જે કાંઈ છે તે બધું મને આપી દો. બલિએ કહ્યું કે મારી પાસે શું છે ? ત્યારે એમણે કહ્યું કે તમારી પાસે જમીન છે. એમાંથી મને સાડા ત્રણ ડગલા જમીન આપી દો. ભગવાને સાડા ત્રણ ડગલા જમીન માપી લીધી અને તેનું બધું જ લઈ લીધું.

ગોપીઓ પ્રત્યે એમને ખૂબ પ્રેમ હતો. તેમને કહ્યું કે તમારું દહીં અને માખણ ક્યાં છે ? ગોપીઓ સમજતી હતી કે તેઓ ભગવાન છે, તેથી સોના ચાંદીના ઘરેણા લાવ્યા હશે તથા બીજી બધી ભેટો લાવ્યા હશે, પરંતુ એમણે તો ગોપીઓ પાસે જે કાંઈ માખણ તથા દહીં હતું તે પણ છીનવી લીધું. કર્ણ જ્યારે ઘાયલ થઈને પડયા હતા ત્યારે અર્જુનને લઈને ભગવાન ત્યાં પહોંચ્યા અને કહ્યું કે કર્ણ, મેં સાંભળ્યું છે કે તારા દરવાજેથી કોઈ માણસ ખાલી હાથે પાછો જતો નથી. હું કંઈક માગવા આવ્યો હતો, પણ તું કઈ આપવાની સ્થિતિમાં નથી. કર્ણે કહ્યું કે ના મહારાજ ! ખાલી હાથે પાછાં ના જશો.  મારા દાંત પર સોનું મઢેલું છે તે ઉખાડીને હું તમને આપું છું. કર્ણે એક પથ્થર લીધો અને બંને દાંત તોડીને એક અર્જુનને અને એક કૃષ્ણ ભગવાનને આપી દીધો. સુદામની કહાણી પણ આવી જ છે. સુદામાની પત્નીએ તેમણે કૃષ્ણ પાસે એટલાં માટે મોકલ્યા હતા કે તેઓ તેમની પસેથી કંઈક માગી લાવે તો ગુજરાન ચાલે. સુદામાજી માગવાની ઇચ્છાથી જ ગયા હતા,

પરંતુ ભગવાને એમને પૂછ્યું કે કંઈક લાવ્યા છો કે પછી કશું માગવા માટે આવ્યા છો. મારા દરવાજે તો માગનારા ભિખારીઓ જ આવે છે, પણ તમે શું લાવ્યા છો એ પહેલાં બતાવો. ભગવાને જોયું કે સુદામાજીએ બગલમાં એક પોટલી દબાવી રાખી છે. ભગવાને એ પોટલી તેમની પાસેથી માગી લીધી અને એમાંથી પોતે તાંદુલ ખાધા અને પોતાના કુટુંબને પણ ખવડાવ્યા. સુદામાજી પાસે જે કાંઈ હતું તે ખાલી કરાવી દીધું, પછી ભગવાને એમને અનેકગણું આપ્યું હશે. ગોપીઓ, કર્ણ તથા બલિને પણ આપ્યું હશે. કેવટ, હનુમાન, સુગ્રીવ બધાને આપ્યું હશે, પરતું પહેલા બધા પાસેથી લીધું હતું.

ભગવાન જ્યારે પણ આવે છે ત્યારે માગતા આવે છે. જ્યારે પણ તમને ભગવાનનો સાક્ષાત્કાર થાય ત્યારે એમ માનજો કે તેઓ તમારી પાસે પણ માગશે. સંત નામ દેવ પાસે ભગવાન કુતરાનું રૂપ ધરીને ગયા હતા અને તેમની લૂખી રોટલી લઈને ભાગ્યા હતા. ત્યારે નામ દેવે કહ્યું હતું કે ભગવાન, ઘી તો લેતા જાઓ. આપવા માટે તેમણે પોતાનું દિલ મોટું કર્યું. મારા ગુરુ એમને પણ આ જ કહ્યું હતું. ત્યારથી જ એમની વાત મેં ગાંઠે બાંધી લીધી અને સાઈઠ વર્ષોથી હું સતત આપતો જ આવ્યો છું. જે કાંઈ બની શક્યું તેટલું આપ્યું છે. આપવામાં કોઈ નુકસાન નથી. જો સારી જમીનમાં વાવવામાં આવે તો લાભ જ થવાનો છે, પરંતુ જો ક્યાંક ખરાબ જગ્યાએ, પથરાળ જમીનમાં વાવી દીધું તો પાકવું મુશ્કેલ છે. ભગવાનનું ખેતર સારામાં સારું ખેતર છે. એમાં વાવવાથી અનેકગણું થઈને

પાછું મળશે. વાદળો સમુદ્ર પસેથી પાણી લે છે અને બીજે જઈને વરસાદી દે છે તો શું તેઓ ખાલી રહે છે ? ના, સમુદ્ર એમને બીજીવાર આપે છે. શરીરનું ચક્ર પણ આવું જ છે. હાથ કમાઇ છે અને મોં ને આપે છે. મોં તેને પેટમાં પહોંચાડી દે છે અને પેટ તેનું લોહી બનાવીને સમગ્ર શરીરમાં પહોંચાડી દે છે. એમાંથી હાથને પણ લોહી તથા માંસના રૂપમાં પોતાનો ભાગ મળી જાય છે. તેનામાં સ્ફૂર્તિ અને તાકાત આવી જાય છે. તેનાથી તે ફરીથી કમાઇ છે. દુનિયાનું ચક્ર આવું જ છે. આપણે કોઈને જે કાંઈ આપીએ છીએ તે ફરીને પાછું આપણી પાસે જ આવે છે. વૃક્ષો પોતાના ફળફૂલ તથા પાંદડા બધાંને વહેંચે છે. વૃક્ષો પોતાના ફળફૂલ તથા પાંદડા બધાંને વહેંચે છે, તો ભગવાન તેમને આપતા જ રહે છે. ઘેટું ઊન આપી દે છે, પણ થોડાક સમયમાં ફરીથી ઊન ઉગી જાય છે.

આપવું એ બહુ મોટી બાબત છે. મારા ગુરુએ મને આ જ વાત શિખવાડી હતી. તો તમને કંઈક મળ્યું ખરું ? હું તમને એ જ બતાવવા ઇચ્છું છું કે મને અઢળક મળ્યું છે. જો તમે મારી વાત પર વિશ્વાસ કરી શકતા હો, તો તમને પણ અવશ્ય મળશે એવી પાકી ખાતરી રાખજો. હું રાત્રે ભગવાનનું નામ લઉં છું અને દિવસે સમાજનાં રૂપમાં વ્યાપેલા ભગવાનની સેવા કરું છું. મારી ઉંમર પંચોતેર વર્ષની થઈ. આટલી ઉંમરે તો અનેક લોકો મરી જાય છે અને જેઓ જીવે છે તેઓ કોઈ કામના રહેતા નથી, પરંતુ મારી કામ કરવાની શક્તિ એવી ને એવી જ છે. મારું શરીર લોખંડનું છે. એનું કારણ એ છે કે મેં મારા શરીરને

ભગવાનના કામમાં ખર્ચ્યું છે. જો તમે પણ તમારા શરીરનો ઉપયોગ સમાજ માટે કરશો, તો તમારું શરીર પણ સારું રહેશે. ગાંધીજી, જવાહરલાલ અને વિનોબા એંશી વર્ષ સુધી જીવ્યા હતા. જો તમે પણ તમારા શરીરને ભગવાનના ખેતરમાં વાવશો તો બહુ ફાયદામાં રહેશો. આ શરીરની વાત થઈ.

નંબર બે, મેં મારી બુદ્ધિને ભગવાનના ખેતરમાં વાવી છે. બુદ્ધિ આપણા મગજમાં રહે છે. તમે કેટલું ભણેલા છો ? મારા ગામમાં પ્રાથમિક શાળા હતી. એ જમાનામાં પ્રાથમિક શાળા ચોથા ધોરણ સુધીની રહેતી. હું ત્યાં સુધી ભણ્યો. ત્યાર પછી આગળ ભણવાનો મોકો જ નથી મળ્યો. જેલમાં લોખંડના તાંસળા પર ઈંટાળાથી અંગ્રેજી તથા સંસ્કૃત ભણવાનું શરૂ કર્યું. મારી બુદ્ધિ બહુ તીક્ષ્ણ છે. તમે જોયું નહિ કે મેં ચારેય વેદોનું ભાષ્ય કર્યું છે ? અઢાર પુરાણ, છ દર્શન વગેરે બધાના ભાષ્યો લખ્યા છે. વ્યાસજીએ એક મહાભારત લખ્યું હતું અને ગણેશજીને પોતાના મદદનીશ તરીકે બોલાવ્યા હતા. મારો તો કોઈ મદદનીશ નથી. બહુ મે મારા હાથે જ લખ્યું છે. મેં એટલું બધું સાહિત્ય લખ્યું છે કે લોકો આશ્ચર્યમાં પડી જાય છે. હું આયોજન કરું છું. લોકો પોતાની ખેતીનું કામ કે પોતાના ઘરનું પ્લાનિંગ કરે છે, જ્યારે મેં આખા વિશ્વનું નવેસરથી ઘડતર કરવાનું પ્લાનિંગ કર્યું છે. ભારત સરકાર પંચ વર્ષીય યોજનાઓ બનાવે છે. એના માટે કેટલાય મિનિસ્ટરો, સચિવો અને મોટો સ્ટાફ

કામે લાગે છે, પરંતુ હું તો આખી દુનિયાનો નવો નકશો બનાવવા માટે મારી અક્કલથી જ કામ કરું છું. મારી બુદ્ધિની હું જેટલી પ્રશંસા કરું એટલી ઓછી છે.

બુદ્ધિ ઉપરાંત મેં મારી ભાવનાઓ પણ ભગવાનને સોંપી દીધી છે. જે કોઈ માણસ મારી પાસે આવે છે તેના માટે મારા મનમાં હંમેશા બે જ ભાવનાઓ હોય છે. એક, તો હું તેના દુખમાં ભાગીદાર બનું અને મારું સુખ એને વહેંચું. જો તેના દુખમાં હું ભાગીદાર બની શકું એમ હોઉં તો મેં ખરા દિલથી પ્રયત્ન કર્યો છે. મારી પાસે જે સુખ અને સામર્થ્ય છે તેને વહેંચવાની મેં પૂરી કોશિશ કરી છે. કારણ કે મારી ભાવનાઓ એ માટે મને મજબૂર કરે છે. તેઓ કહે છે કે તારી પસો જે છે એ જેને જરૂર છે તેને શું તું નહિ આપે ? તો હું કહું છું કે અવશ્ય આપીશ. બીજાની મુસીબતમાં હું અવશ્ય ભાગીદાર બન્યો છું. ભાવનાને સંવેદના કહે છે, પ્યાર કહે છે. તેને મેં વાવી છે. એના પરિણામે આખી દુનિયા મને ખૂબ પ્રેમ કરે છે. મેં પ્રેમ આપ્યો છે, પ્રેમ વાવ્યો છે, એટલે મને પ્રેમ મળ્યો છે.

ભગવાનની વસ્તુઓને મેં અમાનતના રૂપમાં રાખી અને તેમને ભગવાનના ખેતરમાં વાવીને તેમની જ દુનિયા માટે ખર્ચી નાખી. મારી પાસે પિતાજીએ કમાયેલું જે કાંઈ ધન હતું તે પણ મેં એના માટે જ ખર્ચી નાખ્યું. મારી પાસે જે જમીન હતી તથા ઘરેણાં હતા તે વેચીને ગાયત્રી તપોભૂમિ બનાવી દીધી. પિતાજી જે મિલકત મૂકી ગયા હતા તેની પાઈએ પાઈ ભગવાનના ખેતરમાં વાવી દીધી. કોઈએ આપેલું ધન મેં ખાધું નથી. તો તો પછી

તમે ખોટમાં જ ગયા હશો ? તમે નુકસાનની વાત કરો છો, પણ કોઈક દિવસ મારે ગામ જજો. ગાયત્રી તપોભૂમિ તથા અખંડ જ્યોતિ કાર્યાલય જોઈ આવજો. તમે હરિદ્વાર આવીને શાંતિ કુંજ, ગાયત્રી નગર તથા બ્રહ્મવર્ચસ જુઓ. તે કેટલા શાનદાર છે ! ચોવીસો ગાયત્રી શક્તિપીઠો જુઓ. આટલાં બધા મકાનો છે અને એમાં જે લોકો રહે છે તેમની પાછળ પણ ખર્ચો થાય છે તે બધો ક્યાંથી આવે છે ? મનેય ખબર નથી કે ક્યાંથી આવે છે, પણ મને ધનની કોઈ દિવસ ખોટ પડતી નથી. જે વસ્તુઓની જરૂર હોય તે માટે હું ભગવાનને જણાવી દઉ છું અને તેઓ એ બધું મોકલી આપે છે. આને શું કહેવાય ? એને સિદ્ધિઓ કહેવાય. સિદ્ધિઓમાં હું ચાર વસ્તુઓનો સમાવેશ કરું છું. (૧) ધન, (૨) લોકોનો પ્યાર, (૩) બુદ્ધિ અને (૪) શારીરિક સ્વાસ્થ્ય. મારી પાસે આ બધી સિદ્ધિઓ છે. ગાયત્રીના જપ કરવાથી બીજા કોઈને સિદ્ધિઓ મળી છે કે નહિ તેની ખબર નથી, પરંતુ મને અવશ્ય મળી છે.

બીજી પણ એક ચીજ છે - રિદ્ધિ. રિદ્ધિઓ દેખાતી નથી. રિદ્ધિઓ ત્રણ છે - પહેલી રિદ્ધિ છે આત્મસંતોષ. મારી અંદર જેટલો સંતોષ છે તેટલો કોઈ રાજાને પણ નહિ હોય કે ટાટા બિરલાને પણ નહિ હોય. એમને કદાચ ઊંઘ નહિ આવતી હોય, પણ મને તો એવી ઊંઘ આવે છે કે ઢોલનગારાં વાગતા હોય તો પણ તેની ખબર પડતી નથી. આત્મસંતોષ ઉપરાંત બીજી રિદ્ધિ છે લોક સન્માન અને જન સહયોગ. મને માત્ર લોકોનું સન્માન જ

નહિ, પરંતુ તેમનો ભરપૂર સહયોગ પણ મળ્યો છે. માત્ર ફૂલ હાર પહેરાવી દેવો એ જ સન્માન નથી, પરંતુ જો જનતા સહયોગ કરી રહી હોય તો માનવું જોઈએ કે તે માણસને સન્માન મળ્યું છે. ફૂલ હાર તો ખરીદી પણ શકાય છે, પરંતુ લોકોનો સહયોગ ખરીદી શકાતો નથી. લોકોએ ગાંધીજીને સહયોગ આપ્યો હતો. વિનોબાનું સન્માન કર્યું હતું, તો સહયોગ પણ આપ્યો હતો. લોકોએ હજારો એકર જમીન દાનમાં આપી દીધી હતી. ગાંધીજીના એક ઈશારે લોકો જેલમાં જવા, ફાંસીના માંચડે લટકવા તથા ગોળીઓ ખાવા તૈયાર થઈ જતા હતા. આ તેમનું સન્માન હતું, સહયોગ હતો. મારા ભગવાન મને બહુ સહયોગ આપે છે. જનતા પણ મને ખૂબ સહયોગ આપે છે.

ત્રીજી રિદ્ધિ છે દેવી અનુગ્રહ. અનુગ્રહ કોને કે છે ? તમે રામાયણમાં કેટલાય પ્રસંગો વાંચ્યા હશે. જ્યારે દેવો પ્રસન્ન થાય છે ત્યારે ફૂલો વરસાવે છે. બીજું કશું વરસાવતા નથી. કેટલીક વાર અમુક પર ફૂલ વરસાવ્યાં, તો ક્યારેક બીજા પર ફૂલ વરસાવ્યાં. આ શું છે ? ભગવાનની વણ માગી સહાય છે. વણમાગ્યો સહયોગ, વણ માગી બુદ્ધિ કે વણ માગી શક્તિ ફૂલોની જેમ મારી ઉપર વરસતી રહે છે. સમય સમય પર ભગવાને મને જે રસ્તા બતાવ્યા છે તે એવા શાનદાર છે કે હું એના પર આગળ વધતો રહ્યો અને તેઓ મારી ઉપર ફૂલ વરસાવતા રહ્યા. મને મારા પિતાજીની સંપત્તિનો અધિકાર મળ્યો છે. કર્તવ્ય અને અધિકાર બંનેનું જોડું મળ્યું છે. ભગવાને મને પોતાનો પુત્ર માન્યો છે અને

મને અધિકાર આપ્યો છે કે તેમની સંપત્તિને હું નેક કામમાં વાપરું. મેં મારી રિદ્ધિઓ અને સિદ્ધિઓનો મારા એ પતિાજીના કામમાં ખર્ચ કરી નાખ્યો. મારા માટે કશું જ ના રાખ્યું. એનું કારણ એ છે કે પિતાનું કુળ, તેમનો વંશ કલંકિત ન થાય. પિતાજી અર્થાત્ ભગવાન, પરમેશ્વર. પરમેશ્વરનો ભક્ત કહેવાવાને કારણે કોઈ મારા તરફ આંગળી ન ચીધે કે આ કેવો માણસ છે ? મેં ભગવાનના વંશની લાજ સુરક્ષિત રાખી છે.

ભગવાને મને તો આપ્યું છે, પરંતુ મેં પણ ભગવાનને થોડુંઘણું આપ્યું છે. પિતાનું મૃત્યું થાય છે અને તેમનું કુટુંબ રહી જાય છે. ભાઈ બહેન, પુત્ર પુત્રી, પત્ની એ બધાનું પાલન કુટુંબમાં જે સૌથી મોટો હોય છે તે કરે છે. મારા પિતાજીનો મોટો પુત્ર હોવાના કારણે એમનું જે આટલું મોટું કુટુંબ છે તે બધાનું પાલન કરવામાં, તેમની કાળજી રાખવામાં મારાથી જે  કંઈ બની શક્યું તે બધું મે ઈમાનદારી પૂર્વક કર્યું છે. ફકત મારું જ પેટ નથી ભર્યું, પણ ભગવાનના કુટુંબનું પણ પાલન કર્યું છે. ભગવાનની દુકાન, ભગવાનનો વ્યવસાય, ઉદ્યોગ બધું જ સારી રીતે ચાલતું રહે તો કોઈ એમ ના કહી શકે કે બાપ એના માટે ખેતર, કારખાના, ફેકટરીઓ બધું જ છોડીને ગયા, પણ આપણે બધું બરબાદ કરી નાખ્યું. વ્યવસાય ભગવાનનો છે, દુકાન ભગવાનની છે, પણ તમે તો કશું સમજતા જ નથી. દુનિયામાં જે કાંઈ થઈ રહ્યું છે તે બધું એમનો જ ઉદ્યોગ છે. તેને સારી રીતે ચલાવવા માટે મેં ઈમાનદારી પૂર્વક પૂરેપૂરી કોશિશ કરી છે. પિતાની સંપત્તિ લઈને,

તેમનો અધિકાર લઈને હું ચૂપચાપ બેસી રહ્યો નથી, પરંતુ મેં મારી ફરજ નિભાવી છે. પિતાજીનો વ્યવસાય ચલાવવા, એમના કુટુંબનું પાલન કરવા તથા એમના કુળ અને વંશની આબરૂ સાચવવા માટે મેં પૂરી શક્તિથી કામ કર્યું છે. તમે પણ એવું કરશો, તો ન્યાલ થઈ જશો. જે કાયદો મને લાગુ પડે છે તે જ તમને પણ લાગુ પડશે. બધા માટે ભગવાનનો નિયમ સરખો જ છે. ભગવાન મને કોઈ છૂટછાટ આપવાના નથી ને તમારા પ્રત્યે તેમને કોઈ વેર નથી. મારા ગુરુએ મને જે રીતે બતાવી હતી તેનું મેં પાલન કર્યું. હું મારા ગુરુજીને ખૂબ ધન્યવાદ આપું છું અને તમને પણ જણાવું છું કે તમે પણ મારા જ રસ્તે ચાલો, તો તમે પણ ધન્ય થઈ જશો. ૐ શાંતિ :

## મેં જીવનભર વાવ્યું અને લણ્યું

હિમાલયની યાત્રાથી હરિદ્વાર પાછા આવ્યા પછી જ્યારે આશ્રમનું પ્રારંભિક માળખું તૈયાર થઈ ગયું તો તેના વિસ્તાર માટે સાધનોની આવશ્યકતા જણાઈ. સમય એવો વિષમ હતો કે તેનો સામો કરવા માટે મારે કેટલાય સાધનો, પરાક્રમ તથા વ્યક્તિત્વ વાન સહયોગીઓની જરૂર હતી. એક સાથે બે કામ કરવાના હતા - એક સંઘર્ષ અને બીજું સર્જન. સંઘર્ષ એવી અનિચ્છનીય પ્રવૃત્તિઓ સામે કરવાનો હતો કે જે સભ્યતા, પ્રગતિ અને સંસ્કૃતિને ગળી જવા માટે મોં ફાડીને ઊભી રહી હતી. સર્જન ઉજ્જવળ ભવિષ્યનું કરવાનું છે કે જે જગતને સુખ શાંતિથી ભરપૂર બનાવી શકે.

મારા પોતાના માટે કંઈ જ કરવાનું નહોતું. જે ભગવાન કીડી મંકોડાનું પૂરૂં કરે છે તે મને શા માટે ભૂખ્યો રાખે ? બધા ભુખ્યા ઊઠે છે, પણ કોઈ ભૂખ્યું સૂતું નથી. આ વિશ્વાસે મારી ઇચ્છાઓને પહેલેથી જ શાંત કરી દીધી હતી. લોભ કે મોહે કદી સતાવ્યો નથી. વાસના, તૃષ્ણા અને અહંકાર માંથી કોઈપણ ભવ બંધન મારી પાછળ પડયું નથી. જે કાંઈ કરવાનું હતું તે ભગવાન માટે મારા ગુરુદેવના આદેશ પ્રમાણે કરવાનું હતું. તેમણે સંઘર્ષ અને સર્જનના બે જ કામ સોંપ્યા હતા તે કરવામાં સદાય ઉત્સાહ જ રહ્યો. કામને ટાળવાની વૃત્તિ તો પહેલેથી જ નહોતી. જે કરવું હોય તે પૂરી તત્પરતા અને તન્મયતાથી જ કરવું એવી ટેવ જન્મજાત દિવ્ય અનુદાનના રૂપે મળી હતી અને તે છેક સુધી કાયમ રહી.

નવ સર્જન માટ જે સાધનોની જરૂર હતી તે ક્યાંથી આવશે એ પ્રશ્નના ઉત્તરમાં મારા માર્ગદર્શકે મને હંમેશા એક જ રીતે બતાવી હતી કે વાવો અને લણો. મકાઈ કે બાજરીના એક દાણા માંથી જ્યારે છોડ ઊગે છે તો તે સો કરતા પણ વધારે દાણા પાછા આપે છે. દ્રૌપદીએ એક સંતને પોતાની અડધી સાડી ફાડીને આપી હતી. તેનાથી એમણે લંગોટી બનાવીને પોતાની આબરૂ બચાવી હતી. વ્યાજ સહિત એટલી બધી સાડીઓ થઈ ગઈ કે દ્રૌપદીના વસ્ત્ર હરણ વખતે ભગવાને સાડીઓની આખી ગાંસડી માથે મૂકીને આવવું પડયું હતું. "તારે જે મેળવવું હોય તેને વાવવાનું શરૂ કરી દે." આ બીજમંત્ર ગુરુએ મને બતાવ્યો અને મેં અપનાવ્યો. એનું ફળ તેમણે જણાવ્યા પ્રમાણે જ મળ્યું.

શરીર, બુદ્ધિ અને ભાવનાઓ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરોની સાથે ભગવાન સૌને આપે છે. ધન પોતે કમાયેલું હોય છે. કેટલાકને તે વારસામાં મળે છે. હું તો ધન કમાયો નહોતો, પણ મને વારસામાં પૂરતા પ્રમાણમાં ધન મળ્યું હતું. એ બધું મેં સમય ગુમાવ્યા વગર ભગવાનના ખેતરમાં વાવી દીધું. રાત્રે ભગવાનનું ભજન કરવું અને આખો દિવસ વિરાટ બ્રહ્મ માટે, વિશ્વમાનવ માટે સમય અને શ્રમનો ઉપયોગ કરવો એવું શરીર સાધનાના રૂપે નક્કી કર્યું હતું. રાત્રે સ્વપ્નમાં પણ લોકમંગળની યોજનાઓ ઘડવામાં બુદ્ધિ લાગી રહેતી. મારી પોતાની સગવડ માટે સંપત્તિ કમાવાની કદાપિ ઇચ્છા જ નથી થઈ. મારી ભાવનાઓ હંમેશા વિશ્વ માનવતા માટે જ નિયોજિત રહી. મેં કોઈ વ્યક્તિ કે વસ્તુને નહિ, પરંતુ આદર્શોને જ પ્રેમ કર્યો છે. પડેલાને ઊભો કરવાની અને પાછળ પડેલાને આગળ વધારવાની જ ભાવના સતત જાગૃત રહી.

આ વિરાટ બ્રહ્મને જ મેં મારા ભગવાન માન્યા છે. અર્જુને દિવ્ય ચક્ષુથી આ જ વિરાટ બ્રહ્મનાં દર્શન કર્યાં હતાં. યશોદાએ કૃષ્ણના મુખમાં ભગવાનનું આ જ સ્વરૂપ જોયું હતું. રામે પારણામાં રહયે રહયે કૌશલ્યાને પોતાનું આ જ રૂપ બતાવ્યું હતું અને કાકભુશુંડી પણ આ જ સ્વરૂપની ઝાંખી કરીને ધન્ય બની ગયા હતા.

મેં પણ મારી પાસે જે કાંઈ હતું તે વિરાટ બ્રહ્મને અર્થાત્ વિશ્વમાનવને આપી દીધું. વાવવા માટે એનાથી વધારે ફળદ્રુપ બીજું કોઈ ખેતર ન હોઈ શકે. વાવેલું સમયાનુસાર પાકયું

અને મારા કોઠાર ભરી દીધા. મને સોંપેલા બંને કામ માટે જેટલા સાધનોની જરૂર હતી તે બધા મળી ગયા.

મારું શરીર જન્મથી જ દુર્બળ હતું. શારીરિક રીતે તેને દુર્બળ કહેવાય, પરંતુ મારી જીવન શક્તિ પ્રચંડ હતી. જુવાનીમાં શાક, ઘી, દૂધ વગેરે પૌષ્ટિક પદાર્થો વગર ચોવીસ વર્ષ સુધી માત્ર જવની રોટલી અને છાશ લેતા રહેવાથી શરીર કૃશ થઈ ગયું હતું, પણ જ્યારે વાવવા અને લણવાની રીત અપનાવી તો પંચોતેર વર્ષની ઉંમરે પણ આ શરીર એટલું મજબુત છે કે થોડા દિવસ પહેલા જ એક માતેલો સાંઢ માત્ર ખભાના એક ધક્કાથી નીચે પડી ગયો અને તેણે ભાગવું પડયું.

બધા જાણે છે કે અનીતિ અને આંતકમાં રચ્યાપચ્યા રહેતા ભાડૂતી હત્યારાએ પાંચ બોરની રિવૉલ્વરથી મારી પર સતત ફાયર કર્યા, પણ એની બધી જ ગોળીઓ રિવૉલ્વરની નળીમાં જ ફસાઈ રહી. બીકના માર્યા તેના હાથ માંથી રિવૉલ્વર ત્યાં જ પડી ગઈ. પછી તે છરા બાજી કરવા લાગ્યો. તેનો છરો મારી પર ચાલતો રહ્યો, લોહી વહેતું રહ્યું, પરંતુ તેણે કરેલા ઘા શરીરમાં ઊંડા ઉતરવાને બદલે શરીરની ઉપર ઘસરકા જ પાડી શક્યા. ડોકટરોએ ટાંકા લઈ લીધા અને થોડાંક અઠવાડિયામાં જ શરીર પહેલા જેવું થઈ ગયું.

આનેપરીક્ષાની એક ઘટના જ કહેવાય કારણ કે પાંચ બોરની લોડેડ રિવૉલ્વર ધંધાદારી ગુંડાએ ચલાવી, છતાં પણ તે કામ ન કરી શકી. પશુઓને કાપવાના છરાના બાર ઘા માર્યા, છતાં એકેય ઊંડો ઉતર્યો નહિ. આક્રમ કરનાર પોતાના બોંબથી પોતે જ ઘાયલ થઈને જેલ ગયો. જેના આદેશથી તેણે આ કામ કર્યું હતું તેને ફાંસીની સજા થઈ. અસુરતાનું આક્રમણ નિષ્ફળ ગયું. એક ઉચ્ચ કક્ષાના દૈવી પ્રયાસને નિષ્ફળ ન કરી શકાયો. મારનાર કરતાં બચાવનાર મોટો સાબિત થયો.

અત્યાર એક માંથી પાંચ બનવાની સૂક્ષ્મ કરણ સાધના ચાલી રહી છે. તેથી ક્ષીણતા તો આવી છે, છતાં પણ સ્થૂળ શરીર એટલું મજબુત છે કે તેને જેટલા દિવસ સુધી જીવતું રાખવું હોય તેટલા દિવસ સુધી રાખી શકાય, પરંતુ હું તેને વધારે દિવસો સુધી રાખું નહિ, કારણ કે સૂક્ષ્મ શરીરથી વધારે કામ કરી શકાય છે અને સ્થૂળ શરીર એમાં અવરોધ ઊભો કરે છે.

શરીરની જીવન શક્તિ અદભુત રહી છે. તેની પાસે મેં દસ ગણું કામ લીધું છે. શંકરાચાર્ય તથા વિવેકાનંદે ટૂંકા જીવનમાં ત્રણસો પચાસ વર્ષ જેટલું કામ કર્યું હતું. મેં પંચોતેર વર્ષમાં જુદા જુદા એટલાં બધા કામ કર્યા છે કે એનો જો હિસાબ કરવામાં આવે તો ૭૫૦ વર્ષ જેટલું કામ થયા. આ બધો જ સમય નવ સર્જન માટેની સફળ યોજનાઓમાં ખર્ચાયો છે. હું કદાપિ નવરો બેઠો નથી.

બુદ્ધિને મેં ભગવાનના ખેતરમાં વાવી અને તે અસામાન્ય પ્રતિભા બનીને પ્રગટ થઈ. અત્યાર સુધી મેં મારા શરીરના વજન કરતાં પણ વધારે સાહિત્ય લખ્યું છે. તે ઉચ્ચકોટિનું છે. આર્ષગ્રંથોના અનુવાદથી માંડીને પ્રજ્ઞા યુગની ભાવિ પૃષ્ઠભૂમિ બનાવવા સુધીનું તમામ સાહિત્ય લખ્યું છે.

અધ્યાત્મનો વિજ્ઞાન સાથે સમન્વય કરવાની કલ્પના તો કેટલાયના મનમાં હતી, પણ કોઈ તે પ્રમાણે કરી શક્યું નહિ. જો આ અશક્ય વાતને શકય બનેલી જોવી હોય તો બ્રહ્મવર્ચસ શોધ સંસ્થાનમાં જઈને પોતાની આંખોથી જોઈ શકાય છે. અત્યારે જે દેખાઈ રહ્યું છે એના આધારે કહી શકાય કે આગામી દિવસોમાં અધ્યાત્મની વિજ્ઞાન સંમત રૂપરેખા બનશે.

નાના નાના દેશો પોતાની પંચવર્ષીય યોજનાઓ બનાવવા માટે આકાશ પાતાળ એક કરે છે, એની સામે સમગ્ર વિશ્વનો કાયાકલ્પ કરવાની યોજનાનું ચિંતન અને કાર્ય જે રીતે શાંતિકુંજના માર્ગદર્શનમાં ચાલી રહ્યું તેને અદભુત તથા અનુપમ કહી શકાય.

મારી ભાવનાઓ મેં પછાત લોકોને સમર્પિત કરી છે. ભગવાન શંકરે પણ આવું જ કર્યું હતું. એમની સાથે તેમના ગણો રહેતા. સર્પોને તે પોતાના શરીર પર વીંટાળતા હતા. મારે પણ એ જ માર્ગે ચાલવું પડયું છે. મને છરો મારનારને પકડવા માટે બધા જ્યારે દોડી રહ્યા

હતા. પોલીસ પણ દોડી રહી હતી. ત્યારે મેં બધાને પાછા બોલાવી લીધા અને પેલાને ભાગી જવાની તક આપી. જીવનમાં એવા અનેક પ્રસંગો  આવ્યા છે કે જ્યારે વિરોધ પોતાના તરફથી કોઈ પણ કસર ન રાખે, છતાં પણ તેને બદલામાં હાસ્ય અને આનંદ જ મળ્યાં છે.

મેં લોકોને જેટલો પ્રેમ કર્યો છે એનાથી સો ગણો પ્રેમ લોકો મને કરે છે. મારા નિર્દેશ પ્રમાણે ચાલે છે અને આર્થિક નુકસાન તથા કષ્ટ સહન કરવામાં પાછા પડતા નથી. થોડા દિવસો પહેલા પરિજનોને પ્રજ્ઞાસંસ્થાનો બનાવવાનો આદેશ આપ્યો તો બે વર્ષમાં જ ચોવીસો ગાયત્રી શક્તિપીઠોની ભવ્ય ઈમારતો બની ગઈ અને એમાં લાખો રૂપિયાની રકમ ખર્ચાઈ. ઇમારત વગરના બાર હજાર પ્રજ્ઞા સંસ્થાનો બન્યાં તે તો અલગ. મને છરાના ઘા વાગ્યા તો સહાનુભૂતિ બતાવવા માટે એટલી બધી સંખ્યામાં પરિજનો ઊમટયા કે જાણે માણસોની આંધી આવી હોય ! એમાંનો દરેક જણ બદલો લેવાની વાત કરી રહ્યો હતો. મેં અને માતાજીએ બધાંને પ્રેમથી બીજી દિશામા વાળી દીધાં. આ તેમની પ્રેમની તથા ગાઢ આત્મીયતાની અભિવ્યક્તિ જ કહેવાય.

મને સમયે સમયે ધનની ખૂબ જરૂર પડતી રહે છે. ગાયત્રી તપોભૂમિ, શાંતિ કુંજ અને બ્રહ્મવર્ચસની ઈમારતો કરોડો રૂપિયાની છે. કોઈ પણ માણસની આગળ હાથ ન ફેલાવવાનું મારું વ્રત છે, એમ છતાંય એ બધી જ જરૂરિયાતો પૂરી થઈ ગઈ. પૂરો સમય

કામ કરનારા કાર્યકર્તાઓની સંખ્યા એક હજાર કરતા પણ વધારે છે. તેમની આજીવિકાની બ્રાહ્મણોચિત વ્યવસ્થા નિરંતર ચાલતી રહે છે. એમાં યોગ્યતાની દૃષ્ટિએ એટલી ઉચ્ચ કક્ષાના લોકો છે કે એવા લોકો બીજી કોઈ સામાજિક સંસ્થામાં ભાગ્યે જ જોવા મળે. અનેક કાર્યકર્તાઓ પોતાની જ બચતના વ્યાજ માંથી પોતાનો ખર્ચ ચલાવે છે અને મિશનની સેવા કરે છે.

પ્રેસ, પ્રકાશન તથા પ્રચારમાં વપરાતી ગાડીઓ અને બીજા ખર્ચા પણ ઘણા છે, છતાં તે કોઈ પણ પ્રકારની મુશ્કેલી વગર પૂરા થતા રહે છે. ભગવાનના ખેતરમાં વાવેલી એકેએક પાઈનું આ પરિણામ છે. આ ફસલ પાકવા બદલ મને ગર્વ છે. જમીન વેચવાથી જે પૈસા મળ્યા તે ગાયત્રી તપોભૂમિના નિર્માણ માટે ખર્ચી નાખ્યા. પૂર્વજો પાસેથી મળેલી જમીન કોઈ કુટુંબીને આપવાના બદલે મારી જન્મભૂમિ આંબલખેડામાં હાઈસ્કૂલ અને હોસ્પિટલ બનાવવા માટે આપી દીધી. મારી પાસે મારું પોતાનું કશું જ નથી, છતાં યોજનાઓ એવી ચલાવું છું કે જે કરોડપતિઓ માટે પણ શક્ય ન હોય. આ બધું મારા માર્ગદર્શકે આપેલા સૂત્રના કારણે જ શક્ય બન્યું છે. તેમણે કહ્યું હતું, "ભેગું ના કરીશ, સમાજમાં વિખેરી દે. વાવો અને લણો" પ્રજ્ઞાપરિવારના રૂપમાં સત્પ્રવૃત્તિઓનું ઉદ્યાન લહેરાતું જોવા મળે છે તેની પૃષ્ઠભૂમિ આ સૂત્રના આધારે જ બની છે.